સુપ્રભાતમ્

સુરેશ પ્રા. ભટ્ટ
99789-26251

સલામી સવારની..

વિશ્વમાં સૌથી ઊંચીનો ઝંડો લઈ ઊભી છે,
પરપ્રાંતની કાંખઘોડીનો ટેકો લઈ ઊભી છે!
ઠેકો લઈ ઊભી છે અખંડ રાષ્ટ્રના પ્રતીકનો -
વિભાજનના પાયા ખોદી લોખંડી મૂર્તિ ઊભી છે !!

હાઈકુ

રેડાય ઝેર!
અખંડિતરાષ્ટ્રમાં -
પ્રાંતવાદનું

નત મસ્તકે
અનુભવે શરમ -
ઝૂકે ઊંચાઈ

ચિંતન

રજ્જો: સ્વરુપાધિગમે ન સર્પધી રજ્જવાં વિલીના તુ યથા તથૈવ ।
બ્રહ્માવગત્યા તુ જગત્પ્રતીતિ સ્તત્રૈવ તુ સહ ભ્રમેણ ।

ઉપરોક્ત શ્લોક વિવેક ચૂડામણિગ્રંથમાંથી લેવામાં આવેલ છે.

જેમ રજ્જુના સ્વરુપનું જ્ઞાન થયાં એ રજ્જુમાં ભ્રાંતિથી થયેલી સર્પની બુદ્ધિ વિલીન થાય છે, તે જ પ્રમાણે બ્રહ્મનું જ્ઞાન થતાં જ અવિદ્યાથી સર્જાયેલી જગતની પ્રતીતિ ભ્રમણાની સાથે નાશ પામે છે.

જયાંથી હૃદયમાં - વિચારમાં 'જ્ઞાન' રૂપી પ્રકાશ પ્રકટતો નથી ત્યાં સુધી ભૌતિક સુખ-સગવડ-સાવધ-સંપત્તિ બધું જ 'સુખ' કારક દેખાય છે પણ જ્ઞાનની વિવેક રૂપી આંખ ઊઘડે ત્યારે દોરડામાં દેખાતો સાપ સ્પષ્ટ દેખાય છે.

આમ ભાગ વિલાસની ભ્રમણા સાચું અધ્યાત્મ-મોક્ષ-મુક્તિનું જ્ઞાન દિવ્યચક્ષ મળતાં પ્રગટ થાય છે.

સુવિચાર

- બહુત છાલે હૈ ઉસકે પેરોં પે કમબખ્ત; જરૂર ઉસૂલોં પર ચલા હોગા - **ઈકબાલ પટેલ**
- અરબી ઘોડો દુબળો, પાતળો હોય તોયે ગધેડાંના ટોળાં કરતાં સારો હોય છે - **શેખ સાદી**
- રૂપની પહોંચ તો આંખો સુધી છે, જયારે ગુણતો આત્માને જીતી લે છે - **ફાધર વાલેસ**
- અવગુણની પગદંડી ફક્ત ચીકણી જ નહીં, પણ ઢાળવાળી પણ હોય છે - **જનકલ્યાણ**
- એવો સમય આવશે કે સજ્જન માણસોને પોતાના ચારિત્ર્યનું પ્રમાણ ચારિત્ર્યહીન લોકો પાસેથી લેવું પડશે - **ચાણક્ય**
- આદર જયારે પ્રમાણભાન વિના આગળ વધી જાય છે, ત્યારે આડંબર પ્રગટે છે - **એસ. ભટ્ટાચાર્ય**
- આજનું ઔષધ : એક તોલો કાળા તલની સાથે અડધો તોલો ગોળ મેળવી બાળકને સુતી વખતે ખવડાવવાથી પથારીમાં પેશાબ બંધ છે

(સંકલન : દીપક વી. આશરા)

બોધકથા

'શૉ મસ્ટ ગો ઓન'નું તાજું ઉદાહરણ.

૨૦૧૮ના ફીફા વર્લ્ડકપમાં નાઈજીરીયાની ટીમે ભલે કોઈ મોટી કલામ કરી નથી પણ ઝિંદાદિલીથી અને પૂરી ખેલદીલીથી લડત જરૂર આપી છે. નાઈજીરીયાને એનાથી ઘણી મજબૂત એવી આર્જેન્ટીનાની ટીમ સામે આખરી ગ્રૂપ સ્ટેજની મેચ રમવા માટે હોટલથી સ્ટેડિયમમાં જવા બસમાં બેસવા જતા હતા. ત્યારે જ નાઈજીરીયન ફુટબોલ ટીમના કપ્તાન જોન ઓ બી મિકલને મોબાઈલ ઉપર સમાચાર મળ્યા કે તેના પિતાનું અપહરણ થઈ ગયું છે. જોન ઓબી મિલકે મેચ પૂરી થયા બાદ તેણે પત્રકારોને જણાવ્યું કે મને આ સંદેશામાં જણાવવામાં આવ્યું હતું કે અપહરણની વાત કોઈને પણ કરશો તો પિતાની હત્યા કરી નાખવામાં આવશે. હું ખૂબ દુઃખી થયો... આ વાત નાઈજીરીયન ફુટબોલ ફેડરેશનને કે ટીમના કોચને પણ વાત કરી શક્યો નહીં. હું મનમાં ખૂબ ખરાબ રીતે ભાંગી પડ્યો હતો. પણ સ્ટેડિયમ પર પહોંચતા જ મને ખ્યાલ આવ્યો કે આજે તો ખૂબ મહત્ત્વની મેચ છે. વર્લ્ડ કપમાં સમગ્ર નાઈજીરીયાની આશા મારા અને મારા સર ખેલાડીઓ પર છે. જહોને કહ્યું, 'અત્યારે મારે દુઃખને ભૂલીને મારે રમવું પડશે.' ઉલ્લેખનીય છે કે નાઈજીરીયા.... ભળે આર્જેન્ટિના સામે હારી ગયું અને તેના પિતાને અપહરણકારો પાસેથી છૂટીને પરત સાજા સમા આવી ગયા. જહોન એ.બી. મિકલે પોતાની ખેલદિલીથી સૌના દિલ જીતી લીધી છે.

વિદેશ રાજયમંત્રી અકબરની મજબૂરી

તંત્રીસ્થાનેથી...

'એશિયન એજ'ના ભૂતપૂર્વ તંત્રી અને વર્તમાન મોદી-સરકારના વિદેશ રાજયમંત્રી એમ.જે. અકબરનું વર્ષો પહેલાનું પાપ છાપરે ચડીને પોકારી બેઠું અને તે પણ પાંચ રાજયોની વિધાનસભાની ચૂંટણીઓના ગરમાગરમ વાતાવરણમાં. એમ. જે. અકબર મોદી સરકાર માટે કયારેક અસ્કામત હતા, કદાચ શહેનશાહ અકબરમાં નવા રત્નોની જેમ એ ચક્રવર્તી નરેન્દ્રકુમાર દામોદરદાસ મોદીના દરબારનું એક નોખું-અનોખું મેધાવી રત્ન હતા. ભાજપમાં મંત્રી બનવાની શરતે જ છેક છેલ્લી ઘડીએ, ચૂંટણીનાં પડઘમ ઈમેજ રાતોરાત મૂઠી ઊંચેરી બની ગઈ હતી કે દેખો, જેની આટઆટલી બદનામી ગુજરાતનાં અનુગોધરા રમખાણોના મુદ્દે થતી રહી છે તે જ હિંદુ હૃદય સમ્રાટ તો શુદ્ધ ધર્મનિરપેક્ષ અને સર્વધર્મ સમભાવના સિદ્ધાંતને વરેલા આદર્શવાદી નેતા છે. એમના રાષ્ટ્રવાદમાં લઘુમતી વર્ગોના અકબર જેવા બૌદ્ધિકોનો સ્વીકાર કરી શકે છે. અકબર ને આખરે 'મી-ટુ' ઝુંબેશના શહીદ બનવું પડ્યુ છે. બે-ત્રણ દાયકા પહેલાંનાં એમનાં અડપલાં મોડાં મોડાં એમના જ ગળાનો ગાળિયો બની રહ્યાં છે. જે મહિલા પત્રકારે અકબરનાં અડપલાં વિશે મીડિયામાં ચકચાર જગાવી એની તરફેણમાં બીજી વીસેક મહિલાઓ સાક્ષી તરીકે ઊભી રહેવા તૈયાર થઈ ગઈ છે. અકબરને બચાવવા મોદી સરકારનો વ્યૂહ સર્દતર નિષ્ફળ રહ્યો છે. એમના બચાવનારામાં સહી કરનારા ચમચાઓ કે નેતાઓ માટે મોં છુપાવવાનું અઘરું બની ગયું છે. નાઈજિરિયામાં મહિલાઓના શોષણ વિરુદ્ધ નિવેદનો કરનારા અને મહિલા વિદેશમંત્રીનો પડછાયો બલકે 'થિંક ટેન્ક' થઈ ફરનારા અકબરની ઘોર ખોદવાનું શરૂ થયું ત્યારે હજી એ એના ફાંકામાં હતા કે મારી તો મોદીને અને ભાજપને જરૂર છે. પરંતુ જયારે એમની ઉપયોગિતા પૂરી થઈ ગઈ અને મીડિયામાં એ મહિલા શોષક મહિલાસુર તરીકે ચીતરાવા લાગ્યા, પાણી જયારે માથા પર થઈ વહેવા લાગયું ત્યારે અદાલતમાં એમણે આક્ષેપ મૂકનારી મહિલા સામે બદનક્ષીનો દાવો કરેલો તેની સુનાવણી શરૂ થાય તે પૂર્વે જ એમનું રાજીનામું લઈ લેવાયું તે સૂચક છે. મોદીના વિશ્વાસુ ડોભાલ અને ચાર વરિષ્ઠ મંત્રીઓએ એક અવાજે અકબરને કાઢવાની સલાહ આપી ત્યારે નરેન્દ્ર મોદી પાસેથી અકબર વિરુદ્ધ ગુજરાત ખાતે ટાઈમ્સ ઓફ ઈંડિયાના નિવાસી તંત્રી રહી ચૂકેલા કિંશુક નાગે પણ આવા જ આક્ષેપને સમર્થન આપ્યું છે. 'એશિયન એજ' ના તંત્રી તરીકેની કામગીરી બદસલૂકીની કથા હૃદયદ્રાવક છે. 'એશિયન એજ' ની નોકરી તાબડતોબ છોડીને એ મહિલા 'ટાઈમ્સ' માં નોકરી શોધવા આવેલી ત્યારે કિશુંક નાગ સમક્ષ ફફડતા હૈયે એ ઘટના વર્ણવી હતી. મોદી સરકારનાં પાંચ વર્ષ પૂરાં થઈ રહ્યાં છે ત્યારે એમના જ એક બૌદ્ધિક કક્ષાએ મૂઠી ઊંચેરા લઘુમતી સમાજમાંથી આવતા મંત્રીને આવા ગંદાગોબરા આક્ષેપોને કારણે વિદાય લેવી પડે છે. એમને મંત્રીમંડળમાં ચાલુ રાખીને અદાલતમાં સુનાવણી ચાલે તે સરકાર માટે વધુ નામોશીભર્યું સાબિત થયુ હોત. જો કે એમને કાઢ્યા પછી કંઈ મોદી સરકાર દૂધે ધોયેલી નથી બની જતી. ડાઘ એવા ઊંડા છે કે એ ૨૦૧૯ની લોકસભાની ચૂંટણી ટાણએ પણ મોદી સરકાર માટે શરમજનક બની રહેશે.

॥ વન્દે વાલ્મિકી કોકિલમ્ ॥

અમર વારસો
ડૉ. રશ્મિકાન્ત મહેતા

શરદપૂનમ આદિકવિ મહર્ષિ વાલ્મિકીની જન્મજયંતિ છે. રામરક્ષાસ્તોત્રમાં કવિની સ્તુતિ છે. હું વાલ્મિકીને પ્રણામ કરું છું. એ કોકિલ છે. એ 'રામ', 'રામ' એ રીતે કૂજન કરે છે. આ કૂજન તો મધુર છે જ એનાં અક્ષરો પણ મધુર છે. 'એ કવિતાની ડાળ ઉપર બેઠો છે.'



એમનું મહાકાવ્ય 'રામાયણ' છે, રામનું અયન, રામનું ચરિત્ર. સ્વયં બ્રહ્માએ વાલ્મિકીને આશીર્વાદ આપેલા છે. જયાં સુધી પર્વતો ઊભા હશે, જયાં સુધી આ પૃથ્વી પર નદીઓ વહેતી હશે; ત્યાં સુધી બધા લોકમાં તારી રામકથા ફેલાતી રહેશે.

આ આશીર્વાદ યથાર્થ છે. એનું કારણ છે શ્રીરામનું ચરિત્ર. મૈથિલીશરણ ગુપ્તની કાવ્યપંક્તિ છે.

રામ તુમ્હારા ચરિત, સ્વયં કેવ્ય હૈ ।
કોઈ બન જાએ કવિ, સહજ સંભાવ્ય હૈ ॥

બ્રહ્માના આશીર્વાદ બીજી રીતે પણ સાચા ઠર્યા છે, વાલ્મિકીની રામાયણમાંથી પ્રેરણા લઈને નવેસરથી સ્વતંત્રપણે સંસ્કૃતમાં અને એ સિવાય ભારતની બધી પ્રાદેશિક ભાષાઓમાં રામાયણો સર્જાતી રહી છે. જેમ કે :

૧. સંસ્કૃત - (૧) યોગવાસિષ્ઠ રામાયણ (૨) અધ્યાત્મ રામાયણ (૩) અદ્‌ભૂત રામાયણ (૪) આનંદરામાયણ (૫) તત્ત્વસંગ્રહ રામાયણ (૬) ભુશુંડિ રામાયણ (૭) મંત્ર રામાયણ (૮) અગ્નિવેશ રામાયણ (૯) વેદાન્ત રામાયણ (૧૦) મહારામાયણ.

આ રામાયણ ઈ.સ. સાતમી સદીથી સત્તરમી સદી સુધીમાં રચાયેલી છે. મહદંશે આ રામાયણો સાંપ્રદાયિક છે. આ સૌમાં અધ્યાત્મ રામાયણ શ્રેષ્ઠ છે.

૨. ગુજરાતી - શ્રી ગિરધર દાસે ઈ.સ. ૧૮૩૫માં 'ગિરધર રામાયણ'ની રચના કરી છે. લગભગ ૫૦ કવિઓએ રામકથાને વિષય બનાવ્યો છે. તેમાં આ શ્રેષ્ઠ છે.

૩. મરાઠી - ઈ.સ. ૧૬મી સદીમાં એકનાથની 'ભાવાર્થ રામાયણ' થયેલી છે. કથા લગભગ વાલ્મિકીરામાયણ જેવી જ છે.

૪. હિન્દી - ગોસ્વામી તુલસીદાસનું રામચરિતમાનસ અવધી ભાષાનો સર્વોત્તર ગ્રંથ છે. ઈ.સ.૧૫૭૫ - ૭૮માં આની રચના થઈ છે.

૫. બંગાળી - સંત મહાકવિ કૃત્તિદાસ ઓઝાએ ઈ.સ. ૧૪૬૯થી ૭૨માં કૃત્તિદાસ રામાયણની રચના કરી છે.

૬. અસમિયા - આસામની ભાષામાં શ્રેષ્ઠ રામાયણ માધવ કંદલી રામાયણ ઈ.સ. ૧૪મી સદીમાં રચાઈ છે.

૭. ઉર્દૂ - મુન્શી જગન્નાથ ખુશ્તરે ઈ.સ. ૧૮૬૪માં રામાયણ ખુશ્તરની રચના કરી છે. સૌથી વધુ લોકપ્રિય છે.

૮. ફારસી - મોગલ બાદશાહ જહાંગીરના સમયમાં મુલ્લા મસીહે રામાયણ મસિહીની રચના ઈ.સ. ૧૫૮૯ થી ૧૬૨૭ દરમિયાન કરી છે. તેઓ મુઝફ્ફરનગર પાસે રહેતા.

૯. તમિલ - મહાકવિ કમ્બને ઈ.સ. ૧૧મી સદીમાં કમ્બ રામાયણની રચના કરી છે. આ રચના પ્રવાશાળી છે.

૧૦. તેલુગુ - લોકપ્રિય છંદ દ્વિપદ છે. રંગનાથ કવિ છે ઈ.સ. ૧૪મી સદીમાં દ્વિપદ રામાયણની રચના કરી છે.

૧૧. મલયાલમ - આ ભાષાના પ્રસિદ્ધ કવિ તુચંત્તુ એષુત્તચ્છનની સોળમી સદીમાં બે રામાયણ છે. અધ્યાત્મ રામાયણ અને ઉત્તર રામાયણ મલયાલી સમાજમાં લોકપ્રિય છે.

૧૨. તોરવેના નિવાસી નરહરિની ઈ.સ. ૧૬મી સદીમાં રચાયેલી તોરવે રામાયણ છે. કવિ પોતાને કુમારવાલ્મિકી કહેતા.

ચક્રવર્તી રાજાગોપાલાચરીનો અભિપ્રાય સાચો છે : ત્રણ રામાયણ સૌથી વધુ લોકપ્રિય છે - વાલ્મિકીની, કમ્બની અને તુલસીદાસની.

'મા-બાપને ભૂલશો નહી' ના રચયિતા પુનિત મહારાજનો જન્મ કયાં થયો હતો ?

ખજાનો
અનિલ પટેલ

ગુજરાતનો સાંસ્કૃતિક વારસો

૧ જશવંત ઠાકરનું નામ કયા ક્ષેત્ર સાથે સંકળાયેલું છે?
(અ) ચિત્રકલા (બ) રમતક્ષેત્ર
(ક) નાટ્યકલા (ડ) સંગીતકલા

૨ નીચેનામાંથી કોણ શાસ્ત્રીય નૃત્ય - ભરત નાટ્યમ સાથે સંબંધીત છે ?
(અ) ઈલાક્ષી ઠાકોર (બ) કુમુદિની લાખીયા
(ક) ફાતીમા બેગમ (ડ) દમયંતી બરડાઈ

૩ પીરાઈ સાગરાનું નામ કયા ક્ષેત્ર સાથે સંકલાયેલું છે ?
(અ) ભજનિક (બ) ચિત્રકલા
(ક) સંગીત કથા (ડ) નાટ્યકલા

૪ નહેરુ બ્રીજના છેડે કોની પ્રતિમા આવેલી છે?
(અ) ઈન્દુચાચા (બ) વિનોબા ભાવે
(ક) રવિશંકર મહારાજ (ડ) સુભાષચંદ્ર બોઝ

૫ સૌમીલ મુનશીનું નામ શા માટે જાણીતું છે ?
(અ) ચિત્રકલા (બ) નાટ્યકલા
(ક) સુગમ સંગીત (ડ) ફિલ્મ નિર્માતા

૬ શ્રેષ્ઠ અભિનેત્રીનો આંતરરાષ્ટ્રીય એવોર્ડ મેળવનાર પલ્લવી મહેતા કઈ ફિલ્મના અભિનેત્રી હતા?
(અ)કંકુ પગલાં (બ) કંકુ
(ક) પારકી થાપણ (ડ) વેરની વસુલાત

૭ 'મા-બાપને ભૂલશો નહી' ના રચયિતા પુનિત મહારાજનો જન્મ કયાં થયો હતો ?
(અ) ભાવનગર (બ) કેશોદ
(ક) જૂનાગઢ (ડ) દ્વારકા

૮ ઈ.સ. ૧૯૪૮માં ગાંધીજીની હત્યા પ્રસંગે આકાશવાણી પરથી 'વૈષ્ણવજન' ભજન કોણે ગાયું હતું ?
(અ) લત્તા મંગેશકર (બ) હેમુ ગઢવી
(ક) આશા ભોસલે (ડ) ઉત્સાદ ફૈયાંઝ ખાં

૯ ગુજરાતનું સૌથી મોટું નાટ્યગૃહ કહ્યું છે ?
(અ) મંગળદાર હોલ (અમદાવાદ) (બ) હેમુ ગઢવી નાટ્યગૃહો, (રાજકોટ)
(ક) ટાઉનહોલ (ગાંધીનગર) (ડ) ટાગોર હોલ (અમદાવાદ)

૧૦ કઈ જાતિનું મટકી નૃત્યુ જાણીતું છે ?
(અ) ખારવા (બ) આદિવાસી
(ક) ગોપાલકો (ડ) ચારણો

૧૧ દર્પણ એકેડમીના સ્થાપક કોણ છે?
(અ) મૃણાલિની સારાભાઈ (બ) અંજલી મોઢ
(ક) પલ્લવી મહેતા (ડ) ઈલાક્ષી ઠાકોર

૧૨ ગુજરાતમાં પિતૃશ્રાદ્ધ માટે કયું સ્થળ જાણીતું છે ?
(અ) સિદ્ધપુર (બ) ચાંદોદ
(ક) જૂનાગઢ (ડ) ઉદવાડા

૧૩ 'હળોત્તરા'ની ઉજવણી કોણ કરતું હોય છે?
(અ) કડીયા (બ) સુથાર
(ક) ખેડૂતો (ડ) વણકર

૧૪ ભારતનાં પ્રથમ મહિલા પ્રોફેશનલ તસ્વીરકાર કોણ ?
(અ) હોમાય વ્યારાવાલા (બ) જશુબેન
(ક) ઈન્દુબેન (ડ) વિભા દેસાઈ

૧૫ શૈક્ષણિક પપેટકલામાં પહેલ કરનાર ગુજરાતી મહિલા કોણ હતા?
(અ) મૃણાલિની સારાભાઈ (બ) અંજલી મેઢ
(ક) મહેરબેન કોન્ટ્રાક્ટર (ડ) પૂજા કવિ

વિવિધા

વિષય : આ સપ્તાહમાં આવતી મહત્ત્વની ઘટનાઓ

- **૧૯ ઓક્ટોબર : માનવ ગૌરવ દિવસ**
- સ્વાધ્યાય પ્રવૃત્તિના સ્થાપક પ.પૂ. પાંડુરંગ આઠવલેજીનો જન્મદિવસ (૧૯૨૦) જે માનવ ગૌરવ દિવસ તરીકે ઉજવાય છે.
- સમાજ સુધારક, ન્યાયવિધ અને કેળવણીકાર લાભશંકર દવેની પુણ્યતિથિ (૧૯૧૨)
- ભારતના વૈજ્ઞાનિક એસ. ચંદ્રશેખરને નોબેલ પ્રાઈઝ મળ્યું (૧૯૮૩)
- ગઝલકાર અબ્બાસ અલી વાસી 'મરીઝ'ની પુણ્યતિથિ (૧૯૮૩)
- **૨૦ ઓક્ટોબર :**
- સરસ્વતીચંદ્રના સર્જક ગોવર્ધનરામ ત્રિપાઠીનો જન્મદિવસ (૧૮૫૫)
- સાહિત્યકાર જયંત પાઠકનો જન્મદિવસ (૧૯૨૦)
- ચીને ભારત પર હમલો કર્યો (૧૯૬૨)
- ભારતના ઉત્તરકાશીમાં આવેલ ભૂકંપમાં ૬૭૦ના મોત થયા (૧૯૯૧)
- **૨૧ ઓક્ટોબર : પોલીસ સ્મૃતિ દિન**
- જાણીતા એથલેસ્ટિક્સ અશ્વિની નાચપ્પાનો જન્મદિવસ (૧૯૬૭)
- ઈંગ્લેન્ડમાં સેન્સબરી સુપર મોલ શરૂ કરનાર એલ એનલ સન્સબરીનું નિધન (૧૯૯૬)
- જય પ્રકાશ નારાયણે કોંગ્રેસ સોશિયાલિસ્ટ પાર્ટીની રચના કરી (૧૯૩૪)
- સિંગૂરમાં સુભાષચંદ્ર બોઝ આઝાદ દિન સરકારની સ્થાપના કરી (૧૯૪૩)
- **૨૨ ઓક્ટોબર**
- વિઠ્ઠલભાઈ પટેલનું નિધન (૧૯૩૩)
- સાહિત્યકાર ડોરિસ લેસિંગનો જન્મદિવસ (૧૯૧૯)
- ભાખરા નાંગલબંધ ખુલ્લો મુકાયો (૧૯૬૩)
- ચરિત્ર અભિનેતા કાદરખાનનો જન્મદિવસ (૧૯૩૬)
- **૨૩ ઓક્ટોબર :**
- પૂર્વ કાનૂનમંત્રી દિવ્યકાંત નાણાંવટીનો જન્મદિવસ (૧૯૨૩)
- ઉદ્યોગપતિ સુનિલ મિત્તલનો જન્મદિવસ (૧૯૫૭)
- તુલસીદાસજીની પુણ્યતિથિ (૧૬૨૩)
- લેખક વિવેચક બળવંતરાય ક. ઠાકોરનો જન્મદિવસ (૧૮૬૩)
- **૨૪ ઓક્ટોબર**
- ગોંડલ નરેશ ભગવતસિંહજીનો જન્મદિવસ (૧૮૬૫)
- આર્યલેન્ડની સ્વાતંત્ર્ય-લડતના પુરસ્કર્તા એમનદ વેલેરાની જન્મજયંતિ (૧૮૮૨)
- હરજી બ. દામાણી 'શયદા'ની જન્મજયંતી (૧૮૯૨)
- જાણીતા પ્રવાસ લેખક રસીક ઝવેરીની પુણ્યતિથિ (૧૯૧૧)
- **૨૫ ઓક્ટોબર**
- શાયર અને ગીતકાર સાહિત્ય લુધિયાનવીનું નિધન (૧૯૮૦)
- ભારતીય વૈદિક શાસ્ત્રી ડૉ. ગણનાથ સેનનું નિધન (૧૯૪૪)
- વિશ્વ વિખ્યાત ચિત્રકાર પિકાસોનો જન્મદિવસ (૧૮૨૨)
- પૂર્વ મુખ્યપ્રધાન ઘનશ્યામ ઓઝાનો જન્મદિવસ (૧૯૧૧)
- સંગ્રહખોરી અંગોનો 'મીસા'નો કાયદો લાગુ કરાયો (૧૯૭૪)

ગત સપ્તાહના સવાલનો જવાબ

ગૂજરાત વિદ્યાપીઠની સ્થાપના કોણે કરી હતી ?

જવાબ : પ.પૂ. મહાત્મા ગાંધીજીએ

સાચા ઉત્તર આપનાર પત્રમિત્રો

(૧) ઋજિત એમ. રાવલ : સે-૭ડી (૨) મૂળજીભાઈ પરમાર : સે-૭બી
(૩) નટુભાઈ દરજી : પેથાપુર (૪) મહેશ જાદવ : વિદ્યાપીઠ
(૫) ભોગીભાઈ કે. પટેલ : સે-૨૩(૬) જયેન્દ્ર પ્રસાદ પાઠક : સે-૬
(૭) હાર્દિક એન ભટ્ટ : સે-૨૪ (૮) મીત પટેલ : સે-૨૩

આ સપ્તાહનો સવાલ (જવાબ એક સપ્તાહમાં મોકલો)

આઝાદીની લડત માટે સુભાષચંદ્ર બોઝે કઈ ફોજ ઊભી કરી હતી ?

'ગાંધીનગર સમાચાર'- ખજાનો વિભાગ
બ્લોક નં. ૬૮૪/૧, સેક્ટર-૮ ગાંધીનગર

વ્યસ્ત રહો, પરંતુ અસ્તવ્યસ્ત નહિ

રંગ-ઉમંગ
કાનન ઓઝા

યુગનો પ્રભાવ એવો છે કે માનવી વધુ ને વધુ વ્યસ્ત બનતો જાય છે. મોટે ભાગે સૌ એવી ફરિયાદ કરતાં જોઈએ છે કે, 'સમય નથી.' આ સમયની ખેંચ છે. તે આ યુગની વિશિષ્ટતા છે અને આ યુગની ફરિયાદ પણ છે જે પ્રત્યેક માનવી વ્યસ્ત છે. તેમ તમે તો નથી, પરંતુ ઘણા વ્યસ્ત અને કેટલાક તો અતિ વ્યસ્ત છે. આ હકીકતનો સ્વીકાર કરી ને હવે પ્રશ્ન થાય છે , તો હવે કરવું શું ? પ્રત્યેક માનવી પોતાની વ્યસ્તતાને ટાળી ન શકે. પ્રત્યેક માનવીના સંયોગ એવા નથી કે તે વ્યસતતામાંથી મુક્ત થઈને રહી શકે. ત્યારે કરવું શું ? ત્યારે એક જ ઉપાય રહે છે - વ્યસ્ત ભલે, પરંતુ અસ્તવ્યસ્ત નહિ ! વ્યસ્તતા વચ્ચે પણ સ્વસ્થતા જાળવી રાખવી. વ્યસ્તતા વચ્ચે પણ અસ્તવ્યસ્ત બની ન જવાય તેનો ઉપાય શો ? પહેલાં તો આપણે સમજી લઈએ કે અસ્ત વ્યસ્તતાનું સ્વરુપ. અસ્તવ્યસ્ત એટલે અવ્યવસ્થિત, વેરણખેરણ, વેરવિખેર, અસ્તવ્યસ્ત એટલે અશાંત, રઘવાટયુક્ત, અસમલોલ. દરેકમાં કે અન્ય કોઈ સ્થાને વસ્તુ વેરવિખેર અને અવ્યવસ્થિત પડી હોય તો આપણે હીએ છીએ બધુ અસ્તવ્યસ્ત છે. તે જ રીતે પુસ્તકાલયમાં પુસ્તકો ગોઠવણ વિના જેમ તેમ પંડ્યા હોય તો આપણે કહીએ છીએ પુસ્તક અસ્તવ્યસ્ત પડ્યાં છે, કે પુસ્તકાલય અસ્તવ્યસ્થ છે. આ રીતે માનવીનું ચિત્ત, માનવીનો વ્યવહાર કે શૈલી પણ અસ્તવ્યસ્ત હોઈ શકે છે. કામના અતિ બોજ સમયે કે અનેક વિધ જવાબદારીઓના ભારણ વખતે માનવી ચિત્તમાં, વ્યવહારમાં કે જીવનશૈલીમાં આ અસ્તવ્યસ્ત આવી શકે છે. તે વખતે પોતાને અને તેમના સંપર્કમાં આવનાર સૌને કે ઘણાંને એણ અનુભવાય છે કે મહાનુભાવ અસ્તવ્યસ્ત થઈ ગયા છે. આ અસ્તવ્યસ્ત એક સ્વરુપ બેબાકળું, રઘવાટ કે અસમતોલ અવસ્થા છે. આ અવસ્થામાં શું થાય છે ? ખોટા નિર્ણય લેવાઈ જાય છે. અકારણ કે સકારણ વારંવાર ક્રોધ આવે છે. સાધન પરાયણ જીવન જીવો, વ્યસ્ત જીવન વચ્ચે પણ 'વ્યસ્ત ભલે, પણ અસ્તવ્યસ્ત નહિ.' તેમ સિદ્ધ કરવા માટે નિત્ય સવાર સાંજ સાધન ભજન માટે થોડો સમય કાઢો. વ્યસ્ત જીવનમાં સઘન માટે સમય કાઢવો. હા વ્યસ્થ જીવનને અસ્તવ્યસ્ત બનતું અટકાવવા માટે સાધન માટે સમય કાઢવો જોઈએ શું સાધન કરવું ? સ્વાધ્યાય કરવો, સ્વાધ્યાય એ એટલે ઉત્તમ ગ્રંથોનું અધ્યયન કરવું. કોઈ એક સારું પુસ્તક સતત સાથે રાખવું અને જયારે અનુકૂળત મળે ત્યારે અધ્યયન કરવું. સત્સંગ કરવો થોડો સમય કે તક મળે ત્યારે સાધુ પુરુષ કે સજ્જનને સંગ કરતા રહો, જાગૃત્તવ્યવસ્થામાં નહિ આપણા વ્યવહાર જેને જાગૃતાઅવસ્થા નથી. ઉપર છલ્લી કે છીતરી જાગૃતાવસ્થા છે. શારીરિક તો જાગૃતાવસ્થા છે. પરંતુ મચોમય જાગૃતવસ્થા નથી. બિનજૂરી ક્રિયાઓથી બચો. બધા જ વર્તમાનપત્રો વાંચો. ટીબીની સામે બેસી રહેવું, વાતો કરવામાં સમય વિવાવતો આ બધી પ્રવૃત્તિમાં સમય ન બગાડતા સ્વાધ્યાય કે સત્સંગમાં વધુ સમય આપી શકીશું.

વ્યવસ્થાની વચ્ચે સ્વસ્થતા; એક સંત દીર્ઘકાળ પર્યત હિમાલયમાં રહ્યા. સંનિષ્ઠભાવે સાધનપરાયણ જીવન જીવ્યા. એકાંતમાં રહ્યા. અને મહદ્ અંશે ત્યાં જ રહ્યાં ! ભક્તોની આગ્રહથી અને સાધના હવે પરિપૂર્ણ થઈ છે. તેમનાની તે તેઓ હિમાલય છોડીને નીચેના મેદાનના વિસ્તારમાં આવવા તૈયાર થયા આશ્રમ બન્યો. હજારો માણસોનું આવનજાવન શરૂ થઈ. આશ્રમનો અને શિષ્ય. શિષ્યોનો મોટો સંસાર શરૂ થયો. સમસ્યા પણ આવવા માંડી. ગુરુજીને કવચિત ક્રોધ પણ આવવા માંડ્યો. ગુરુજી વિચારે છે. હિમાલયમાં તો મને ક્રોધ, ભય, આદિ આવેગો આવતા જ નહિ. હવે આ શું થયું છે ! અહીનું વાતાવરણ ખરાબ છે ? હિમાલય પાછો ચાલ્યો જાઉં ? આખરે ગુરુજી સમજે છે. હિમાલયમાં ભય, ક્રોધ ઉત્પન્ન થાય તેવા સંયોગો આવતા જ નહિ એટલે એવો ભ્રમ થયો કે હું ક્રોધ, ભય, આદિ આવેગોથી મુક્ત છે. વસ્તુતઃ આ આવેગો મારામાં જ હતા. સંયોગો બદલાતા આ અંદર સંતાઈને બેઠોલ આવેગો બહાર આવવા માંડયા. હવે હિમાલય જવું નથી. હવે અહીં આ માનવ મહેરામણ વચ્ચે જ રહીને મારે ક્રોધ, ભય આદિ આવેગોની સનમુખ થવુ છે અને તેનું નિરાકરણ કરવું છે.

શાંત, એકાંત સ્થાનમાં સાધકને પોતે સ્થિતપ્રજ્ઞ થઈ ગયાનો ભ્રમ થઈ શખે છે. આ સ્વસ્થ ખરી સ્વસ્થથા ન પણ હોય. એકાંત સાધનનાનું મૂલ્ય નથી. તે તેમ નહિ. પરંતુ સ્વસ્થતાની આ કસોટી પણ કરી જોવી જોઈએ. વ્યવસ્થતામાં પણ સ્વસ્થતાને અને આમ બને તો આમ સિદ્ધ થાય છે; 'વ્યસ્ત ભલે અસ્તવ્યસ્ત નહિ.'